**-::આંક-૫ લગત હુકમ::-**

૧. વાદીઓએ આ દાવો જ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મળવા અંગે દાખલ કરી હાલની આંક-૫ હેઠળ કામચલાઉ મનાઈ હુકમની અરજી પણ કરેલ છે. વાદીઓની હાલની આંક-૫ ની અરજીની ટુંકમાં હકિકત એવી છે કે, વાદીઓ કાલાવડ તાલુકાના ડુંગરાણી દેવળીયા ગામે પરીવાર સાથે રહે છે અને ડુંગરાણી દેવળીયાની સીમમાં ખેતીની જમીનો ધરાવે છે. બંને પ્રતિવાદીઓ પિતા-પુત્ર છે જેઓ ડુંગરાણી દેવળીયા ગામે રહે છે અને ખેતીકામ કરે છે. ડુંગરાણી દેવળીયા ગામની સીમમાં વાદી નં.૧ પાસે તેમના ખાતાની રે.સ.નં.૨૮૧ (જુના રેસ.નં.૧૦૯/પૈકી ૧) તથા વાદી નં.ર પાસે તેમના ખાતાની રે.સ.નં.૨૮૦ (જુના રે.સ.નં.૧૦૯/પૈકી ર) તથા વાદી નં.૩ પાસે પારીવારીક સંયુકત ખાતાની રે.સ.નં.૨૮૨ (જુના રે.સ.નં.૧૦૮) ની ખેતીની જમીનો આવેલી છે અને વાદીઓની જમીનથી પુર્વ દિશામાં પ્રતિવાદી નં.૧ પાસે તેમના ખાતાની રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની ખેતીની જમીન આવેલ છે જેમાં બંને પ્રતિવાદીઓ ખેતીકામ કરે છે. વાદીઓને તેમની ઉપરોકત ખેતીની જમીનમાં જવા-આવવા, ગાડા, હળ, શાતિ, ટ્રેકટર, ખેતીના સાધનો લાવવા-લઈ જવાનો પરંપરાગત વડીલોના સમયથી ચાલતો જુનવાણી સમયનો એકમાત્ર કાયમી ગાડા મારગ ડુંગરાણી દેવળીયાથી ખડખંભાળીયા જતા સીમ રસ્તેથી પશ્ચિમે પ્રતિવાદી નં.૧ ની જમીન રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની ઉતરે આવેલ દાંડવીમાં થઈ પ્રતિવાદીની જમીનના ઉતર શેઢા પાસે આવેલ ટીંબી પાસેથી પસાર થતો વાદીઓની જમીન સુધીનો ગાડા રસ્તો આવેલો છે. આ રસ્તાની સ્થિતિ દાવા સાથે રજુ રાખેલ સીમતળના નકશામાં સ્પષ્ટ રીતે દર્શાવેલ છે. આ બે ચીલાનો આશરો ૫૦ વર્ષ ઉપરાંતના અતિશય જુનવાણી ગાડા મારગ ઉપરથી વાદીઓ તેમના પુરોગામી માલીકો, વડવાઓના સમયથી સતત અને એકધારા ચાલે છે તે રીતે વાદીઓને આ ગાડા મારગ ઉપર તેના પુર્વજનો સમયથી કાયદેસર રીતે સુખાધિકારના હકકો પ્રાપ્ત થયેલા છે અને આ રસ્તાનો હકક છીનવી લેવાનો કે રસ્તો બંધ કરવાનો પ્રતિવાદીઓને કોઈ હકક, અધિકાર રહેલો નથી. આ કામના પ્રતિવાદી પિતા-પુત્રએ વાદીઓને આ રસ્તેથી

ચાલવામાં અટકાયત કરવાનું શરું કરેલ છે અને પ્રતિવાદી નં.૨ ના વજુભાઈએ આશરે એકાદ માસ પહેલા તેમની જમીનની ઉતર શેઢા પાસેથી પસાર થતા આ દાવાવાળા રસ્તામાં ખુલ્લો ઈલેટ્રીકનો વાયર મુકી શોક લાગે તેવો ગુનાહીત કૃત્ય કરેલ અને વાદીઓને આ રસ્તેથી ચાલવું નહી તેવી ધમકી આપી, ભુંડા, ગાળો કાઢેલ જેથી વાદી નં.૩ ના રણછોડભાઈએ તે બનાવની કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પ્રતિવાદી નં.૨ વિરુધ્ધ પગલા લેવા લેખીત અરજી કરેલ પરંતુ, કોઈ યોગ્ય પગલા ન લેવાતા બંને પ્રતિવાદીઓ ઉશ્કેરાઈ ગયેલ અને વાદીઓને આ દાવાવાળા રસ્તામાં કાયમી અટકાયત કરવાના બદઈરાદાથી ગઈકાલે પ્રતિવાદીઓએ તેમની ખેતીની જમીનની ઉતર શેઢા પાસેથી પસાર થતા આ ગાડા રસ્તામાં જે.સી.બી. ચલાવી માટીનો થર કરી અટકાયત થાય તેવું કૃત્ય શરું કરેલ છે અને પ્રતિવાદીઓ દાદાગીરી અને શીરજોરાઈપુર્વક વાદીઓનો પરંપરાગત હકકનો રસ્તો છીનવી લેવાનો બદઈરાદો ધરાવે છે અને તેવા આશયથી વાદીઓને ખોટી રીતે અટકાયત કરી રહયા છે. આ દાવાવાળો રસ્તો પ્રતિવાદીઓની જમીનના ઉતર શેઢા પાસેથી પસાર થાય છે. જેથી વાદીઓને આ રસ્તેથી ચાલતા બંધ કરી પ્રતિવાદીઓ આ રસ્તાની જમીન પચાવી પાડવાનો ઈરાદો ધરાવે છે. આ દાવાવાળો રસ્તો પ્રતિવાદીઓની જમીનમાંથી પસાર થતો હોય તો પણ વંશપરંપરાગત રીતે વાદીઓ ૫૦ વર્ષ ઉપરાંતના સમયથી ઉતરોતર રીતે ભોગવટો કરી રહયાં છે તે રીતે આ ગાડા રસ્તાનો વાદીઓને રાઈટ ઓફ નેસેસીટી તથા રાઈટ બાય પ્રીસ્ક્રીપશનની રુએ ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવા માટેનો કાયમી સુખાધિકાર રહેલો છે અને આ હકકો વાદીઓને વંશ પરંપરાગત ઉતરોતર રીતે મળેલા છે. આ રસ્તાના ભોગવટામાં અડચણ, અટકાયત થાય તેવું કોઈ કૃત્ય કરવાનો પ્રતિવાદીઓને કોઈ અધિકાર રહેલો નથી. વાદીઓનો પ્રથમદર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે. વાદીને તેમની દાવામાં દર્શાવેલ ખેતીની જમીનમાં જવા-આવવા, ગાડા, હળ, શાતી લાવવા લઈ જવાનો એકમાત્ર ગાડા મારગ આ દાવાવાળો રસ્તો આવેલો છે તે સિવાય અન્ય કોઈ વૈકલ્પીક રસ્તો આવેલો નથી તે હકિકતે વાદીઓને રસ્તાનો ઈઝમેન્ટરી રાઈટ પ્રાપ્ત થયેલ છે. આ રસ્તામાં પ્રતિવાદીઓ અટકાયત કરે અથવા રસ્તો બંધ કરે તો વાદીઓ તેમની જમીનનો યોગ્ય રીતે ભોગવટો કરી શકે નહી અને વાદીઓને ગંભીર તેમજ પારાવાર નુકશાન થાય

તેમ છે. વાદીઓ પોતાની જમીનમાં ઉભેલ પાકની યોગ્ય રીતે માવજત કરી શકે નહી, પાક લઈ શકે નહી. આમ ઈરીપેરેબલ ઈન્જરી અને લોસની દ્રષ્ટિએ વાદીઓને નાણામાં વળતર મળી શકે નહી તેવું નુકશાન થાય તેમ છે. જયારે પ્રતિવાદીઓને કાંઈપણ નુકશાની રહેલી નથી તેવી હકિકત જણાવી હાલની અરજી લાવી દાદ માંગેલ છે કે, (અ) કાલાવડ તાલુકાના ડુંગરાણી દેવળીયાની સીમમાં ડુંગરાણી દેવળીયાથી ખડખંભાળીયા જતા સીમ રસ્તેથી પશ્ચિમે આવેલ પ્રતિવાદી નં.૧ ના ખાતાની ખેતીની જમીન રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની ઉતરે દાંડવીમાં થઈ ઉતર શેઢા પાસે આવેલ ટીંબા પાસેથી પસાર થતા આ દાવાવાળા રસ્તેથી વાદી નં.૧ ને તેમની રે.સ.નં.૨૮૧ (જુના રે.સ.નં.૧૦૯/પૈકી ૧) વાદી નં.૨ ને તેમની રે.સ.નં.૨૮૦ (જુના સ.નં.૧૦૯ પૈકી/૨), વાદી નં.૩ ને તેમની પારીવારીક સંયુકત ખાતાની રે.સ.નં.૨૮૨ (જુના રે.સ.નં.૧૦૮) ની ખેતીની જમીનોમાં જવા-આવવા, ગાડા, હળ, શાતી, ટ્રેકટર, ખેતીના સાધનો લાવવા-લઈ જતા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના થકી કે વતી કોઈપણ વ્યકિત કે આસામીઓ કોઈપણ રીતે અડચણ, અટકાયત કરે નહી કે વાદીઓને આ રસ્તાનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવામાં કોઈપણ રીતે અવરોધ કરે નહી કે કરાવે નહી તેવો તમામ પ્રતિવાદીઓ વિરુધ્ધ આ દાવાના આખરી નિકાલ થતા સુધીનો હંગામી મનાઈ હુકમ ફરમાવવા અને તથા (બ) આ અરજીને અનુરુપ વાદીઓના લાભમાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ ફરમાવવો જરુરી હરકોઈ પ્રકારનો વચગાળાનો મનાઈ હુકમ આ દાવાના આખરી નિકાલ થતા સુધીનો ફરમાવવા નમ્ર અરજ કરેલ છે.

૨. સદર દાવા અરજી તથા આંક-૫ ની અરજી દાખલ થતા પ્રતિવાદીઓને પ્રથમ સમન્સ/નોટીસ ઈશ્યું કરતા પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક-૧૭ થી દાવા અરજી તથા કામચલાઉ મનાઈ હુકમની અરજીનો સંયુકત જવાબ આપેલ છે અને જણાવેલ છે કે, વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી ખરી અને કાયદેસરની નથી, પ્રતિવાદીઓને કબુલ, મંજુર અને બંધનકતા" નથી, વાદીની દાવા તથા વચગાળાના મનાઈ હુકમની અરજી સ્પેશીફીક રીલીફ એકટની જોગવાઈઓ વિરુધ્ધની હોઈ દાવો રદ્દ થવાપાત્ર છે, વાદીની દાવા તથા વચગાળાના મનાઈ હુકમની અરજી ફોલ્સ, ફ્રી વોલ્સ, વેકસેસીયસ અને માલાફાઈડ ઈન્ટેશન વાળી હોય,વાદીની

દાવા તથા વચગાળાના મનાઈ હુકમની અરજીને સ્પરેશન ઓફ મટીરીયલ ફેકટના સિધ્ધાંતોનો બાધ નડતો હોય, વાદીની દાવા તથા વચગાળાના મનાઈ હુકમની અરજીને કોઈ લોકસ સ્ટેન્ડ આવેલ ન હોય, વાદીની દાવા અરજીને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ એન્ડ મીસજોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ નડતો હોય દાવો તથા મનાઈ હુકમની અરજી રદૃ થવાપાત્ર છે. વાદીને હાલનો દાવો લાવવવાનું કોઈ કાયદેસરનું ન્યાયી, વ્યાજબી કારણ કયારેય ઉત્પ્ન થયેલ ન હોય દાવો તથા અરજી રદૃ થવાપાત્ર છે. વાદીએ નામદાર કોર્ટ સમક્ષ સત્ય હકિકત છુપાવી પ્રતિવાદીની જમીનમાં રસ્તાના નવા હકકો ઉભા કરવાના મલીન ઈરાદે દાવો દાખલ કરેલ હોય દાવો તથા મનાઈ હુકમની અરજી રદૃ થવાપાત્ર છે. વાદીના દાવા મુજબ પ્રતિવાદીના ઉતર શેઢા પછી નાણ ભુટાના સ.નં.૨૮૩ તથા રમેશ વલ્લભના સ.નં.૨૭૫ વાળી જગ્યામાં દાંડવી આવેલ છે. પ્રતિવાદીના સ.નં.૨૭૮ વાળી જમીનમાં વાદીનો કોઈ માર્ગ આવેલ નથી. પ્રતિવાદી સામે ખોટો દાવો લાવેલ છે જેની પાછળ વાદી નવા રસ્તાના હકકો ઉભા કરવાનો મલીન ઈરાદો ધરાવે છે. વાદીનો દાવો મોઘમ અને વેગ છે, વાદીઓનો રસ્તો ખરેખર કઈ જગ્યાએ આવેલ છે તે સ્પષ્ટ થતું નથી. નિશાની–અ– રજુ કરેલ નથી, વાદીનો દાવો પ્રોપર ફોર્મમાં ન હોય રદૃ થવાપાત્ર છે. વાદીનો દાવો સી.પી.સી. જોગવાઈ તથા સ્પેશીફીક રીલીફની જોગવાઈ વિરુધ્ધનો હોય રદૃ થવાપાત્ર છે. વાદીના દાવાની સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની તમામ હકિકત ખરી હોવાનો ઈન્કાર કરવામાં આવે છે. વાદીએ કોર્ટનાં પ્રોસેસનો દુરઉપયોગ કરી પોતાનો મલીન ઈરાદો પાર પાડવા કોર્ટની મશીનરીનો દુરઉપયોગ કરેલ છે, સત્ય હકિકત છુપાવી મલીન ઈરાદે દાવો લાવેલ હોય રદૃ થવાપાત્ર છે. દાવા પેરા–૧ માં જણાવ્યા મુજબ પ્રતિવાદી ડુંગરાણી દેવળીયા ગામે રહી ખેતી કરતા હોવાની હકિકત ખરી છે તે સિવાયની વિગતની માહીતી ન હોય ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. દાવા પેરા–૨ માં જણાવ્યા મુજબની વાદીની જમીન આવેલ હોવાની અને પ્રતિવાદીની જમીન આવેલ હોવાની હકિકત અને પ્રતિવાદીઓ ખેતી કરતા હોવાની હકિકત ખરી હોવાનું જણાવેલ છે. દાવા પેરા–૩ માં જણાવેલ હકિકતનો ઈન્કાર કરી જણાવે છે કે પ્રતિવાદીના રે.સ.નં.૨૭૮ ની ઉતરે નારણભાઈ ભુટાભાઈના રે.સ.નં.૨૮૩ તથા રમેશભાઈ વલ્લભભાઈના રે.સ.નં.૨૭૫ વાળી ખેતીની જમીન આવેલી છે. ડુંગરાણી દેવળીયાથી ખડ ખંભાળીયાના જાહેર માર્ગથી

પશ્ચિમે રે.સ.નં.૨૭૫ પુરતી દાંડવી આવેલ છે તેમાંથી રમેશભાઈ વલ્લભભાઈ તથા નારણભાઈ ભુટાભાઈનો ગાડા મારગ આવેલ છે. આ માર્ગ ઉપરથી રમેશભાઈ વલ્લભભાઈ અને નારણભાઈ ભુટાભાઈની સંમતીથી વાદીઓ ચાલતા હોય તો તેમાં પ્રતિવાદીઓને કોઈ વાંધો, તકરાર નથી પરંતુ, પ્રતિવાદી નં.૧ રાઘવભાઈ ગોકળભાઈની ખાતા નં.૨૩૦, રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧), હે. ૩–૬૨–૧૫ આરે નામે જીવણીયું આવેલ છે આ જમીન પ્રતિવાદીઓની સ્વતંત્ર કબજા, ભોગવટા તથા માલીકીની છે, આ જમીનમાં કોઈ દાંડવી કે વાદીઓનો માર્ગ આવેલ નથી. તેમજ સદરહું જમીન પરત્વે વાદીઓનો કોઈ લીગલ રાઈટ આવેલ નથી. વધુમાં પારા–૩ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીની જમીનના ઉતર શેઢા પાસે આવેલ ટીંબી પાસેથી વાદીઓની જમીન સુધીનો ગાડા મારગ આવેલ હોવાની હકિકત ખરી નથી. આ રસ્તાની સ્થિતિ દાવા સાથે રજુ રાખેલ માર્ક ૪/૫ ના નકશામાં દર્શાવેલ હોવાની હકિકત ખરી નથી. તેમજ આ બે ચીલાનો મારગ આશરે ૫૦ વર્ષ ઉપરાંતથી જુનવાણી ગાડા મારગ હોવાનું કે તેમાંથી વાદીઓ વડવાના પુર્વજોના સમયથી કાયદેસર રીતે સુખાધિકારના હકકો પ્રાપ્ત થયેલ હોવાનું ખરું નથી. ખરી હકિકતે દાવામાં જણાવ્યા મુજબની દાંડવીવાળો માર્ગ નારણભાઈ ભુટાભાઈ અને રમેશભાઈ વલ્ભભાઈને આ જગ્યા મળી ત્યારથી કરતા આવે છે, કોઈ જુનો પુરાનો માર્ગ નથી, વાદીનો જુનવાણી પુરોગામી વડવાઓનો સમયનો જુનો ગાડા માર્ગ ડુંગરાણી દેવળીચાથી વડપાંચસરાના જાહેર માર્ગથી દક્ષિણે ખેતરાવ ગાડા માર્ગ આવેલ છે જે તુલશીભાઈ જમીનભાઈની જમીનથી શરું થઈ જી.ઈ.બી.ના સબ સ્ટેશન કાનજીભાઈ રવજીભાઈ, અરજણભાઈ દેવજીભાઈ, નાથાભાઈ આંબાભાઈ તથા પ્રતિવાદી નં.૩ ની જમીનની સ.નં.૨૮૨ ના પુર્વ તથા વલ્લભભાઈ મુળજીભાઈની જમીનથી શરું થઈ વૃજલાલ કેશવજી, કાનજી વલ્લભભા, નાનજીભાઈ ભુટાભાઈ, નારણભાઈ ભુટાભાઈના પુત્ર આંબાના સ.નં.૨૮૩ સુધી જમીન પશ્ચિમે આવેલ છે. આ મુજબનો વાદીઓનો જુનો હૈયાતી ગાડા મારગ આવેલ છે જે જેન્તીભાઈ કલાભાઈના સ.નં.૨૮૪ ના પુર્વ શેઢા ઉપરથી વાદી નં.૩ ના સ.નં.૨૮૨ ને મળે છે તેમાંથી બધા જ વાદીઓ પોત–પોતાના નંબરોમાં જાય છે એ રીતનો જુનો ગાડા માર્ગ આવેલ છે. વાદીના દાવા પેરા–૪ માં જણાવેલ હકિકતો ખરી નથી. પ્રતિવાદીઓના સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની હદ્દ દિશા ઉતરે:આ તરફ

નારણભાઈ ભુટાભાઈની રે.સ.નં.૨૮૩ તથા રમેશભાઈ વલ્લભભાઈના રે.સ.નં.૨૭૫ વાળી ખેતીની જમીન આવેલ છે, દક્ષિણે: આ તરફ અરજણભાઈ હંસરાજભાઈની સ.નં.૨૭૯ ની જમીન આવેલ છે, પુર્વે: આ તરફ ડુંગરાણી દેવળીયાથી ખડખંભાળીયાનો જાહેર માર્ગ આવેલ છે, પશ્ચિમે: આ તરફ વાદી નં.૨ ની સ.નં.૨૮૦ વાળી જમીન આવેલ છે. પ્રતિવાદીની ઉપર જણાવ્યા મુજબની હદ્દ દિશાવાળી જમીન આવેલ છે જેના ફરતે શેઢા તથા કાંટાની વાયરની ફેન્સીંગ આવેલ છે, પ્રતિવાદીની જમીનમાં જંગલી જાનવર, ભુંડ નુકશાન કરે નહી તેથી કાંટાવાળા વાયરની ફેન્સીંગ બાંધેલ છે, આજકાલ કોઈ વાળ કરેલ નથી. પ્રતિવાદીના ઉતર શેઢા નારણ ભુટા અને રમેશ વલ્લભની ખેતીની જમીનો આવેલ છે. પ્રતિવાદીના શેઢામાં વાદીને કોઈ મારગ આવેલ નથી. પ્રતિવાદીના ઉતર શેઢાની તાર આવેલા કોઈના રસ્તા બંધ કરવાનો કે કોઈને અટકાવવા જવાનો સવાલ નથી. ઉપર જણાવ્યા મુજબ સ.નં.૨૭૫ વાળી રમેશભાઈ વલ્લભભાઈની જમીનમાં દાંડવી આવેલ છે. જેને વાદીઓ પોતાનો માર્ગ ગણે છે, આ માગ" સાથે પ્રતિવાદીઓને કોઈ લેવા દેવા નથી. ખરેખર રમેશભાઈ વલ્લભભાઈ અને નાણભાઈ ભુટાભાઈ પણ આ કામના જરુરી પક્ષકારો છે, વાદી તેની સાથે મળી જઈ પ્રતિવાદીના સ.નં.૨૭૮ મા મારગના નવા હકકો ઉભા કરવાનો મલીન ઈરાદે દાવો કરેલ હોય રદ્દ થવાપાત્ર છે. વાદીના દાવા પેરા–૫ માં જણાવેલ હકિકતોનો ઈન્કાર કરેલ છે. દાવા પેરા–૫ ની વિગતો જોતા સ્પષ્ટ થાય છે કે વાદી કોઈ સત્ય હકિકતો છુપાવીને કોઈ મલીન ઈરાદો પાર પાડવા હાલનો દાવો લાવેલ છે. વાદી દાવા પેરા–૩ માં પ્રતિવાદીના ઉતર શેઢે રસ્તો હોવાનું જણાવે છે. જયારે દાવા પેરા–૫ માં પ્રતિવાદીની જમીનમાં રસ્તો પસાર થતો હોય તો પણ તેના સુખાધિકાર રહેતા હોવાની વાત કરે છે. આમ વાદી પડદા પાછળ કોઈ ચાલ રમી રહયાં છે. પ્રતિવાદીની ઉતર શેઢા ઉપર દાંડવીમાં રસ્તો હોવાનું ખોટું પ્લીડીંગ કરી પ્રતિવાદીના સ.નં.૨૭૮ વાળી જમીનમાં વાદીના રસ્તાના નવા હકકો ઉભા કરવા માંગે છે. ખરેખર પ્રતિવાદીની રે.સ.નં.૨૭૮ વાળી જમીનમાં વાદીનો કોઈ માર્ગ આવેલ નથી કે સ.નં.૨૭૮ પરત્વે વાદીને કોઈ સુખાધિકાર પ્રાપ્ત થતા નથી. વાદીને તેના મુળ માર્ગ ઉપરથી હાલવા–ચાલવામાં કોઈ મુશ્કેલી ઉભી થઈ છે. તેથી માત્ર મલીન ઈરાદો પાર પાડવા અને પ્રતિવાદીની જગ્યામાં નવા સુખાધિકારના હકકો ઉભા કરવાના એકમાત્ર

મલીન ઈરાદે દાવો લાવેલ હોય વાદીનો દાવો તમામ રીતે રદ્દ થવાપાત્ર છે. વાદીએ દાવા પેરા–૬ માં જણાવેલ હકિકતોનો ઈન્કાર કરેલ છે. ઉપરની વિગતે પ્રતિવાદી સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) વાળી જગ્યા સ્વતંત્ર કબજો, ભોગવટો માલીકી પ્રતિવાદીની છે તેમાં વાદીને કોઈપણ પ્રકારના હકક, અધિકારો, રાઈટ કે સુખાધિકાર રહેલા નથી. પ્રતિવાદીની ઉતરે રમેશભાઈ વલ્લભભાઈના સ.નં.૨૭૫ તથા નારણભાઈ ભુટાભાઈના સ.નં.૨૮૩ ની ખેતીની જમીનો આવેલી છે. પ્રતિવાદીની સ.નં.૨૭૮ વાળી જમીનમાં વાદીનો કોઈ મારગ આવેલ નથી કે એવો વાદીનો દાવો પણ નથી. જો વાદીના ઉતર શેઢા પછી સ.નં.૨૮૩, ૨૭૫ વાળી જગ્યામાં મારગ હોવાનું વદીનું કહેવું હોય તે જે તે પક્ષકારો સામે દાદ માંગવી જોઈએ અને વાદીએ તેના સુખાધિકારના હકકો સાબીત કરવા જોઈએ. હાલમાં પ્રતિવાદી સામે વાદીએ મલીન ઈરાદે તદ્દન ખોટો દાવો કરેલ છે. તેથી વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી, પ્રતિવાદીની જગ્યામાં વાદીનો મારગ નથી તેથી વાદીને પ્રતિવાદી ધ્વારા અટકાયત અવરોધ કરેલ હોવાનું માનવાને કોઈ કારણ નથી તે રીતે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તથા ઈરીપેરેબલ લોસ વાદીને નથી. મલીન ઈરાદે સત્ય હકિકત છુપાવી હાલનો દાવો લાવેલા હોય જો પ્રતિવાદી વિરુધ્ધ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદી તેનો દુરઉપયોગ કરી પ્રતિવાદીની જમીનમાં રસ્તાના નવા હકકો ઉભા કરવામાં સફળ થઈ જાય તેવી સ્થિતિ ઉભી થાય તેમ છે. આ સંજોગોમાં વાદીની વચગાળાની મનાઈ હુકમની અજી ચાલવાપાત્ર ન હોય ખર્ચ સહીત રદ્દ કરવા અરજ કરેલ છે.

૩. પ્રતિવાદીઓએ આંક–૧૭ થી જે જવાબ રજુ કરેલ છે તે જવાબનો વાદીઓએ આંક–૨૦ થી કાઉન્ટર સોગંદનામું કરેલ છે અને તેમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ રજુ કરેલ જવાબમાં તેમની ખેતીની જમીનના ઉતર શેઢા પછી નારણભાઈ ભુરાભાઈના રે.સ.નં.૨૮૩ તથા રમેશભાઈ વલ્લભભાઈના રે.સ.નં.૨૭૫ વાળી જગ્યામાં થઈ દાંડવી આવેલ હોવાની વિગત જણાવેલ છે તે દાંડવી ઉપવાસના ખેતરાઉ પાણીના નિકાસની દાંડવી છે જે દાંડવી પ્રતિવાદીની ખેતીની જમીનમાં ઉતર શેઢા પાસેથી નીકળેલ છે અને આ દાંડવીમાં જ વાદીઓના ખેતરનો પુર્વજોના સમયથી રસ્તો આવેલ છે. જે હકિકત ડી.આઈ.એલ.આર. કચેરીના અધિકારીશ્રીએ રેકર્ડ આધારીત તેમજ

સ્થાનિક જગ્યાની સ્થળસ્થિતિનું પંચરોજકામ તેમજ માપણી કરેલ તેમાં સ્પષ્ટ ખુલેલ છે અને આ દાંડવીમાંથી નીકળતા રસ્તામાં પ્રતિવાદીએ વાવેતર કરી દીધાની સ્પષ્ટ નોંધ છે. તે હકિકતે પ્રતિવાદીએ વાદીના કાયદેસરના રસ્તામાં ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે અટકાયત કરેલ છે. તદૃઉપરાંત વાદીઓની જમીનમાં જવા–આવવા માટેનો આ દાવાવાળા રસ્તા સિવાય અન્ય કોઈ વૈકલ્પીક રસ્તો આવેલો નથી તે બાબતની પણ ડી.આઈ.એલ.આર. કચેરીના નિમાયેલ કમિશ્નર ધ્વારા સ્થાનિક સ્થળ તપાસ કરી ખાત્રી કરવામાં આવેલ છે તે રીતે વાદીઓને તેની ખેતીની જમીને જવા–આવવા માટેનો આ એકમાત્ર કાયમી ગાડા માર્ગ આવેલો છે જેમાં પ્રતિવાદીઓ અટકાયત કરી રહયાં છે. પ્રતિવાદીએ તેના જવાબ પેરા–૧૭ માં વાદીઓનો ગાડા માર્ગ ડુંગરાણી દેવળીયાથી વડપાંચસરાના જાહેર માર્ગેથી દક્ષિ ખેતરાઉ ગાડા માર્ગ આવેલ હોવાનું કે તુલસીભાઈ જમનભાઈની જમીનમાંથી શરું થઈ જી.ઈ.બી.ના સબ સ્ટેશનથી કાનજીભાઈ રવજીભાઈ, અરજણભાઈ દેવાભાઈ, નાથાભાઈ આંબાભાઈ તથા પ્રતિવાદી નં.૩ ની જીમનના રે.સ.નં.૨૮૨ ના પુર્વ તથા વલ્લભભાઈ મુળજીભાઈની જમીનથી શરું થઈ વૃજલાલ કેશવજીભાઈ, કાનજીભાઈ વલ્લભભાઈ, નાનજીભાઈ ભુરાભાઈ, નારણભાઈ ભુરાભાઈ (પુત્ર) આંબાભાઈના રે.સ.નં.૨૮૩ સુધી જમીન પશ્ચિમે આવેલ હોવાનું કે વાદીઓ કોઈ ગાડા માર્ગ જેન્તીભાઈ કલાભાઈના રે.સ.નં.૨૮૪ ના પુર્વ શેઢા ઉપરથી વાદી નં.૩ ના રે.સ.નં.૨૮૨ ને મળતો હોવાનું કે આ રીતે વાદીઓ ચાલતા હોવાનું કે પ્રતિવાદી જણાવે છે તેવો કોઈ ગાડા માર્ગ સ્થાનિકે આવેલ હોવાનું બીલકુલ ખરું નથી અને તેના ખરાપણાનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. વાદીઓની જમીનનો એકમાત્ર વંશપરંપરાગત ગાડા માર્ગ આ દાવાવાળો રસ્તો રસ્તો છે જે રસ્તો પ્રતિવાદીની જમીનમાં ઉતર શેઢા પાસેથી નિકળે છે તેટલો રસ્તો પ્રતિવાદીએ દાદાગીરી અને શીરજોરાઈથી બંધ કરી તેમાં વાવેતર કરી વાદીઓને અટકાયત કરેલ છે અને વાદીઓને  આ રસ્તાનો ઉપયોગ કરતા અટકાવવા માટે કોઈપણ જાતના આધાર વગરનો વૈકલ્પીક રસ્તો હોવાની મનસ્વી વિગત લખી નાખેલ છે. ખુદ કોર્ટ કમિશ્નરે પણ સ્થાનિકે પંચો તથા પક્ષકારોની હારીમાં સ્થળ સ્થિતિની તપાસ કરી ખરાઈ કરેલ છે જેમ પણ વાદીઓને આ વિવાદવાળા રસ્તા સિવાય અન્ય કોઈ રસ્તો નહી હોવાની સ્પષ્ટ નોંધ કરેલ છે. આ

દાવાવાળા રસ્તામાં બંને પ્રતિવાદીઓએ અટકાયત કરેલ છે. જ્યારે આ દાવાવાળો રસ્તો રમેશભાઈ વલ્લભભાઈની જમીન લગત દાંડવી સ્વરુપેથી નિકળેલ છે તે રસ્તાની સ્થળ સ્થિતિ હાલમાં પણ ખુલ્લી છે અને રમેશભાઈ વલ્લભભાઈએ વાદીના રસ્તામાં કોઈ અટકાયત કરેલ નથી. જેથી તેઓને હાલના દવામાં જોડવાની કોઈ આવશ્યકતા નથી. એકંદરે બંને પ્રતિવાદીઓએ તદ્દન ગેરકાયદેસર રીતે વાદીઓની ખેતીની જમીનના કાયમી ગાડા માર્ગમાં અટકાયત કરેલ છે અને પ્રતિવાદીઓને આ રસ્તેથી ચાલતા કાયમી રીતે અટકાયત કરવાના બદઈરાદાથી આ રસ્તાની જગ્યામાં પ્રતિવાદીએ જે વાવેતર કરેલ છે તે કૃત્ય ગેરકાયદેસરનું હોય પ્રતિવાદી આ રસ્તાનો ઉપયોગ કરવામાં વાદીઓને કોઈપણ રીતે અટકાયત કરી શકતા નથી. જેથી પ્રતિવાદી વિરુધ્ધ વાદીએ રો અને સાચો દાવો કરેલ છે અને આ દાવો ચાલતા દરમ્યાન પ્રતિવાદીઓ વિરુધ્ધ હંગામી મનાઈ હુકમ ફરમાવવા માટે અરજ ગુજારેલ છે તેની વિગતે પ્રતિવાદીઓ વિરુધ્ધ હંગામી મનાઈ હુકમ ફરમાવવો આવશ્યક અને જરુરી છે તેવી હકિકત જણાવેલ છે.

૪. આ કામના વાદી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૧. માર્ક ૪/૧ થી વાદી નં.૧ ની ખેતીની જમીનના ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ. ની ખરી નકલો.

૨. માર્ક ૪/૨ થી વાદી નં.૨ ની ખેતીની જમીનના ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ. ની ખરી નકલો.

૩. માર્ક ૪/૩ થી વાદી નં.૩ ની ખેતીની જમીનના ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ. ની ખરી નકલો.

૪. માર્ક ૪/૪ થી પ્રતિવાદી નં.૧ ની ખેતીની જમીનના ગામ નમુના નં.૭/૧૨ તથા ૮–અ. ની ખરી નકલો.

૫. માર્ક ૪/૫ થી સીમતળના જુના નકશાની નકલ.

૬. માર્ક ૪/૬ થી સીમતળના પ્રમોલગેશન બાદના નકશાની નકલ.

૭. માર્ક ૪/૭ થી પ્રતિવાદી નં.૨ સામે વાદી નં.૩ નાએ કરેલ ફરીયાદની નકલ.

૮. માર્ક ૧૫/૧ થી વાદી જોગ તૈયાર કરેલ કુલમુખત્યારનામું અસલ.

૯. માર્ક ૧૫/૨ થી વાદીના સમર્થનમાં ગોરધનભાઈ પોપટભાઈએ કરેલ સોગંદનામું અસલ.

૧૦. માર્ક ૨૪/૧ થી રમેશભાઈ વલ્લભભાઈના રે.સ.નં.૨૭૫ ના જમીનના ગામ નમુના નં.૭ અને ૧૨ ની ખરી નકલ.

૧૧. માર્ક ૨૪/૨ થી નારણભાઈ ભુટ્ટાભાઈના રે.સ.નં.૨૮૩ ના જમીનના ગામ નમુના નં.૭ અને ૧૨ ની ખરી નકલ.

૧૨. માર્ક ૨૪/૩ થી નાનજીભાઈ ભુટ્ટાભાઈના રે.સ.નં.૩૪૨ ના જમીનના ગામ નમુના નં.૭ અને ૧૨ ની ખરી નકલ.

૧૩. માર્ક ૨૮/૧ થી વાદી મંજુબેને પ્રતિવાદી વિરુધ્ધ લોક ડાઉનના સમયગાળાને લીધે મામલતદાર કોર્ટ સમક્ષ કરેલ કેસ તથા તે તળેના રીપોર્ટની ખરી નકલ.

૧૪. માર્ક ૩૧/૧ થી મામલતદાર કોર્ટમાં પ્રતિવાદી ધ્વારા રજુ કરેલ તેમની ખેતીની જમીન રે.સ.નં.૨૭૮ ની માપણી શીટની નકલ.

૧૫. માર્ક ૩૧/૨ થી મામલતદાર કોર્ટે આપેલ ઠરાવ હુકમની નકલ.

૫. જયારે આ કામના પ્રતિવાદીઓ તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

૧. માર્ક ૧૯/૧ થી પ્રતિવાદી રાઘવ ગોકળના ખેડુત ખાતા નં.૨૩૦ સ.નં.૨૭૮ ના ગામ નમુના નં.૮–અ. ની ખરી નકલ.

૨. માર્ક ૧૯/૨ થી પ્રતિવાદીના સ.નં.૨૭૮ (૧૧૧) ના ગામ નમુના નં.૭ ની ખરી નકલ.

૩. માર્ક ૧૯/૩ થી પ્રતિવાદીના સ.નં.૨૭૮ ના ગામ નમુના નં.૧૨ ની ખરી નકલ.

૪. માર્ક ૧૯/૪ થી હકક પત્રકની નોંધ નં.૧૯૭, તા.૨/૧/૭૧ ના રોજ સ.નં.૧૧૧ પ્રતિવાદીને મળેલની નોંધની ખરી નકલ.

૫. માર્ક ૧૯/૫ થી હકકપત્રક ૮૮૬ ની રી સર્વે થયા નોંધની નકલ.

૬. માર્ક ૧૯/૬ થી ડુંગરાણી દેવળીયાના પ્રમોલગેશન પહેલાના સીમતળના નકશાની ખરી નકલ.

૭. માર્ક ૧૯/૭ ડુંગરાણી દેવળીયાના પ્રમોલગેશન પછીના સીમતળના નકશાની ખરી નકલ.

૬. ત્યાર બાદ આ કામે વાદીઓના વિધ્વાન વકીલશ્રી ડી.આર.પંડયાની દલીલો સાંભળી, તેઓએ પોતાની મૌખિક દલીલમાં આંક–પ ની અરજી મુજબ દલીલ કરેલ છે અને વધુમાં જણાવે છે કે, આ કામના ત્રણેય વાદીઓ અલગ અલગ જમીન ધરાવે છે અને જેને પ્રતિવાદીઓએ પોતાના જવાબમાં સ્વિકારી લીધેલ છે. વધુમાં દલીલમાં જણાવે છે કે જયારે પ્રતિવાદીઓ તેમની આવવા–જવાની જમીનમાં દખલઅંદાજી કરતા હતા ત્યારે ક્રિમીનલ ફરીયાદ પણ કરવામાં આવેલી છે અને તે ફરીયાદની ઝેરોક્ષ નકલ આ કામે માર્ક ૪/૭ થી રજુ કરવામાં આવેલી છે. ત્યાર બાદ પ્રતિવાદીઓ આ રસ્તાની જમીન પચાવી પાડવાનો બદઈરાદો ધરાવતા હોય આ તકરારી રસ્તાની જગ્યા ઉપર જે.સી.બી. ચલાવી માટીનો ઢગલો કરેલો જેથી આ દાવો રજુ કરવામાં આવેલો અને ત્યારબાદ પ્રતિવાદીઓએ આ બનાવવાળી તકરારી રસ્તાની જગ્યાએ વાવેતર કરી દીધેલ છે અને આ વિગત કોર્ટ કમિશ્નરશ્રીના પંચનામા અને નકશાથી પણ સાબીત થાય છે. વધુમાં વાદીઓના વિધ્વાન વકીલશ્રી જણાવે છે કે, વાદીઓએ આ કામે કોર્ટ કમિશ્નર માટે પણ અરજી આપેલી છે તથા કમિશ્નરશ્રીએ માર્ક ૧૪/૨ થી નકશો રજુ કરેલ છે અને તે નકશામાં જણાવેલ સમજુતી મુજબ પ્રતિવાદીઓએ રસ્તાની જગ્યામાં વાવેતર કરી દીધેલ છે તથા આ નકશો પક્ષકારો અને તટસ્થ પંચો તથા સરપંચશ્રીની હાજરીમાં કરવામાં આવેલ છે તથા આ નકશામાં જણાવેલ સમજુતી મુજબ એ પ્રથમદ્રષ્ટિએ સાબીત થાય છે કે વાદીઓ પાસે આ સિવાય કોઈ રસ્તો નથી અને પ્રતિવાદીઓ વાદીઓના ૫૦ વર્ષ ઉપરાંતના સમયથી ચાલ્યા આવેલા રસ્તાના સુખાધિકારમાં અટકાયત થાય તેવું કૃત્ય કરી રહેલા છે. વધુમાં વાદીઓના વિધ્વાન વકીલશ્રીએ પ્રતિવાદીઓએ આંક–૧૭ થી જે જવાબ રજુ કરેલ છે તેના ઉપર ધ્યાન આપેલ છે અને જણાવે છે કે, પ્રતિવાદીઓએ વાદીઓની દાવા અરજી અને હાલની કામચલાઉ મનાઈ હુકમની અરજીનો ઉડાઉ જવાબ આપેલ છે અને જણાવેલ છે કે આંક–૧૭ ના પેરા નં.૮, ૧૬ અને ૧૭ મુજબ પેરા છે. પ્રતિવાદીઓએ પોતાના જવાબ આંક–૧૭ ના પેરા–૮ માં દાંડવી આવેલ છે તે કબુલ રાખેલ છે અને પેરા–૧૬ ખરી હકિકત સ્વિકારે છે કે જાહેરમાર્ગથી પશ્ચિમે રે.સ.નં.૨૭૫ પુરતી દાંડવી આવેલ છે તથા આ સિવાય જવાબના પેરા નં.૧૭ માં

પ્રતિવાદીઓએ વાદીઓની જમીનમાં આવ–જાવ કરવાનો બીજો વૈકલ્પીક જે રસ્તો જણાવેલો છે તે સંબંધમાં કોઈ પણ ઈસમનું કોઈપણ સોગંદનામું રજુ કરેલ નથી. આ સિવાય એવું જણાવેલ છે કે વાદીઓ તરફથી આંક–૨૨ અને આંક–૨૩ થી લગત ખેડુતોના સોગંદનામા રજુ કરવામાં આવેલા છે. પરંતુ, તે સોગંદનામાને ખંડન કરતા કોઈ સોગંદનામા પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલા નથી. જેથી તે સોગંદનામાને ન માનવાનું કોઈ કારણ હાલના તબકકે જણાય આવતું નથી. વધુમાં વાદીઓના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલના અંતે જણાવેલ છે કે, વાદીઓનો કેસ પ્રથમ દ્રષ્ટિએ સાબીત થાય છે અને સુવિધાનું સંતુલન પણ વાદીઓની તરફેણમાં છે અને જો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી અને જો ના આપવામાં આવે તો વાદીઓ તેમના રસ્તાના અધિકારથી વંચિત થઈ જશે અને તેમને નાણામાં ભરપાઈ ન થાય તેવું નુકશાન જશે. જેથી કામચલાઉ મનાઈ હુકમની અરજી મંજુર કરવાની અરજ ગુજારેલ છે.

૭. પ્રતિવાદીઓ તરફે તેમના વિધ્વાન વકીલશ્રી જે.એન.વ્યાસની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, વાદીઓનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી અને દાવાવાળો માર્ગ પ્રતિવાદીઓની જમીનમાંથી પસાર થાય છે આવો વાદીઓનો કેસ નથી અને તેમની દલીલ પણ નથી અને વાદીઓ આ હાલનો દાવો લઈને આવેલા છે જેની સાબીતોની ભાર પણ વાદીઓ ઉપર આવેલ છે અને રેવન્યુ સર્વે નં.૨૭૮ માં વાદીઓને કોઈ હકક અધિકા આવેલા હોય તેના સમર્થનમાં કોઈ દસ્તાવેજો રજુ કરેલા નથી અને રે.સ.નં.૨૭૮ માં કોઈ દાંડવી માર્ગ આવેલો હોય તેનો કોઈ ઉલ્લેખ નથી. વધુમાં જણાવે છે કે, વાદીઓએ તેમનો દાવો સુખાધિકારના આધારે લઈને આવેલા છે. પરંતુ, સુખાધિકાર પુરાવાનો વિષય છે, જે હાલના તબકકે માની શકાય નહી. વધુમાં જણાવે છે કે, વાદીઓની દાવા અરજી પેરા નં.૩ અને પેરા નં.૫ પરસ્પર વિરોધાભાષી જણાય આવે છે. વાદીઓ સ્વચ્છ હાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલા નથી અને દાવા અરજીમાં સ્થળ સ્થિતિની કોઈ ચર્તુદિશા જણાવેલ નથી. વધુમાં જણાવેલ છે કે વાદીઓની આંક–૬ ની પંચનામાની અરજી આધારે કમિશ્નરશ્રીએ આંક–૧૪ થી વાદીઓની જમીનોના સંબંધમાં કમિશ્નર રીપોર્ટ

રજુ કરેલ છે જેની સામે પ્રતિવાદીઓ તરફથી આંક–૧૮ થી વાંધાઓ રજુ કરવામાં આવેલા છે. કમિશ્નરશ્રીએ મનસ્વી રીતે નકશો–પંચનામું કરેલ છે અને જેમાં વાદીઓના જણાવ્યા મુજબનો કોઈ રસ્તો હૈયાત નથી. વધુમાં પ્રતિવાદીઓના વિધ્વાન વકીલશ્રી જણાવે છે કે, વાદીઓના દાવાને નોન જોઈન્ડર ઓફ પાર્ટીઝ અને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝનો બાધ પણ નડતો હોય છે અને વાદીઓને જો માંગ્યા મુજબની દા આપવામાં આવે તો રે.સ.નં.૨૭૮ ની જમીનમાં વાદીઓને નવો હકક ઉભો થઈ જાય તેમ છે. વાદીઓ બદઈરાદાપુર્વક હાલનો દાવો લઈને આવેલા હોય હાલની અરજી ખર્ચ સાથે ના મંજુર કરવાની વિનંતી કરેલ છે.

૮. વાદીઓ તથા પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો અને બંને પક્ષકારો તરફેની રજુઆતો ધ્યાને લેતા સદરહું અરજીના ગુણદોષ ઉપર નિર્ણય કરવા સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદીઓએ તેઓનો પ્રથમદર્શનીય કેસ સાબીત કરેલ છે?

૨. શું સગવડતા–અગવડતાની સમતુલા વાદીઓના લાભમાં છે?

૩. શું જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણાંના રુપમાં આકારી ના શકાય તેવું નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ?

૯. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશત: હકારમાં.

૨. અંશત: હકારમાં.

૩. અંશત: હકારમાં.

૪. આખરી હુકમ મુજબ.

**–::કા ર ણો::–**

૧૦. ઉપરોકત ત્રણેય મુદ્દાઓનો નિર્ણય અને ચર્ચા, હકિકતોનું પુનરાવર્તન ન થાય તે માટે એક સાથે કરવામાં આવે છે.

બંને પક્ષોના વિ.વ.શ્રીની રજુઆતો સાંભળી તથા રેકર્ડ ઉપર રજુ થયેલ દસ્તાવેજી પુરાવા પણ વંચાણે લીધા.

**મુદ્દા નં.૧ થી ૩ :–**

૧૧. વાદીઓ આ દાવો જ્ઞાપન અને કાયમી મનાઈ હુકમ મળવા અંગે લઈને આવેલા છે અને તેની મુખ્યત્વે રજુઆત એવી છે કે, વાદીઓ પાસે દાવા અરજીના પેરા નં.૨ માં જણાવેલ અલગ અલગ ખેતીની જમીનો આવેલી છે અને વાદી નં.૧ પાસે રે.સ.નં.૨૮૧ (જુનો નં.૧૦૯/પૈકી–૧), વાદી નં.૨ પાસે રે.સ.નં.૨૮૦ (જુના સ.નં.૧ ૦૯/પૈકી–૨) તથા વાદી નં.૩ પાસે તેમના પારીવારીક સંયુકત ખાતાની રે.સ.નં.૨૮૨ (જુના નં.૧૦૮) ની જમીનો આવેલી છે તથા આ વિગતના સંબંધમાં વાદીઓ તરફે માર્ક ૪/૧ થી ૪/૩ સુધી ગામ નમુના નં.૭ અને ૧૨ તથા ગામ નમુના નં.૮–અ. ના ઉતારાઓની રેવન્યુ રેકર્ડની સર્ટીફાઈડ નકલ રજુ કરવામાં આવેલ છે. માર્ક ૪/૩ થી જે રેવન્યુ રેકર્ડ રજુ કરવામાં આવેલ છે તે રેકર્ડમાં વાદી નં.૩ સિવાય બીજા વ્યકિતઓના નામ પણ રેવન્યુ રેકર્ડમાં જણાય આવે છે પરંતુ, માત્ર વાદી નં.૩ રણછોડભાઈ ગોરધનભાઈ વાડોદરીયાને આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે અને માર્ક ૪/૩ માં દર્શાવેલ બીજા ખેડુતોએ આ રણછોડભાઈ ગોરધનભાઈની તરફેણમાં એક ખાસકામનું મુખત્યારનામું કરી આપેલ છે અને તે મુખત્યારનામું આ કામે માર્ક ૧૫/૧ થી રજુ કરવામાં આવેલ છે. જેથી વાદીઓ તરફે દાવા અરજીના પેરા નં.૨ માં જણાવ્યા મુજબની તેમની જમીનો આવેલી છે અને આ વિગતને પ્રતિવાદીઓએ પણ તેમના જવાબ આંક–૧૭ ના પેરા–૧૪ માં સ્વિકારેલ છે. આ સિવાય વાદીઓએ દાવા અરજીના પેરા નં.૨ માં એવું જણાવેલ છે કે, વાદીઓની જમીનની પુર્વ દિશામાં પ્રતિવાદીઓની રે.સ.નં.૨૭૮ (જુના સ.નં.૧૧૧) ની જમીન આવેલી છે જેના રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદી નં.૧ નો નામ આવેલો છે અને બંને પ્રતિવાદીઓ ખેતી કરે છે. વાદીઓની આ હકિકતને પણ પ્રતિવાદીઓએ પોતાના આંક–૧૭ ના જવાબના પેરા

નં.૧૪ માં સ્વિકારેલ છે અને વાદીઓએ આ સંબંધમાં માર્ક ૪/૪ થી સદરહું જમીનના ૮–અ. તથા ગામ નમુના નં.૭ અને ૧૨ ના ઉતારા રજુ કરેલા છે અને એજ નિ. ૪/૪ વાળા દસ્તાવેજો પ્રતિવાદીઓ તરફથી માર્ક ૧૯/૧ થી ૧૯/૩ સુધી રજુ કરવામાં આવેલા છે. વાદીઓની જમીનની પુર્વ દિશાએ પ્રતિવાદીઓની રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની જમીન આવેલી છે તેને પ્રતિવાદીઓએ પણ પોતાના જવાબમાં સ્વિકારેલ છે અને તેના સંબંધમાં વાદીઓ તરફે માર્ક ૪/૫ થી સીમતળના જુના નકશાની ઝેરોક્ષ તથા પ્રતિવાદીઓ તરફે માર્ક ૧૯/૬ થી આ જુના નકશાની સર્ટીફાઈડ કોપી રજુ કરેલ છે. આ સિવાય પ્રમોલગેશન થયા પછી નવા રે.સ.નં.ના આધારે જે નકશો તૈયાર કરવામાં આવેલો તે નવા નકશાની ઝેરોક્ષ વાદીઓ તરફે માર્ક ૪/૬ થી તથા પ્રતિવાદીઓ તરફે તે નવા નકશાની સર્ટીફાઈડ નકલ માર્ક ૧૯/૭ થી રજુ કરવામાં આવેલ છે અને આ નકશા મુજબ રે.સ.નં.૨૮૦ (જુના નં.૧૦૯/પૈકી–૨) જે વાદી નં.૨ ના નામે આવેલ છે તેની પુર્વ દિશામાં લગોલગ પ્રતિવાદીઓનો રે.સ.નં.૨૭૮ નું ખેતર આવેલ છે તથા આ હકિકતને પ્રતિવાદીઓએ પોતાના જવાબના પેરા નં.૨૦ માં જણાવેલ ચર્તુદિશામાં પણ સિવકારેલ છે.

૧૨. વધુમાં પ્રતિવાદીઓની જમીન રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની ઉતર દિશામાં બીજા ખેડુતોના ખેતર રે.સ.નં.૨૭૫ અને ૨૮૩ આવેલા છે તે પણ પ્રતિવાદીઓ સ્વિકારે છે. હવે વાદીઓએ પોતાની દાવા અરજી અને હાલની આંક–૫ ની અરજીના પેરા નં.૩ માં એવું જણાવેલ છે કે વાદીઓને તેમની જમીનમાં જવા–આવવા તથા સાધનો લાવવા–લઈ જવા માટે પરંપરાગત એકમાત્ર કાયમી ડુંગરાણી દેવળીયાથી ખડખંભાળીયા જતા સીમ રસ્તેથી પશ્ચિમે પ્રતિવાદીઓની જમીનની ઉતરે આવેલ દાંડવીમાં થઈ પ્રતિવાદીઓની જમીનના ઉતર શેઢા પાસે આવેલ ટીંબી પાસેથી પસાર થતો વાદીઓની જમીન સુધી ગાડા રસ્તો આવેલ છે. આ વિગતના સંબંધમાં પ્રતિવાદીઓ તરફે રજુ કરવામાં આવેલ આંક–૧૭ વાળા જવાબના પેરા નં.૮ તથા ૧૬ માં પ્રતિવાદીઓ એવું જણાવે છે કે, પ્રતિવાદીઓની જમીન રે.સ.નં.૨૭૮ ની ઉતરે નારણભાઈ ભુટાભાઈની રે.સ.નં.૨૮૩ તથા રમેશ વલ્લભભાઈની રે.સ.નં.૨૭૫ વાળી ખેતીની જમીન આવેલ છે તથા ડુંગરાણી દેવળીયાથી ખડખંભાળીયાના જાહેર

માર્ગથી પશ્ચિમે રે.સ.નં.૨૭૫ પુરતી દાંડવી આવેલ છે. આ વિગતના સંબંધમાં વાદીઓ તરફથી માર્ક ૪/૫ થી રજુ થયેલ તથા પ્રતિવાદીઓ તરફથી માર્ક ૧૯/૬ થી રજુ થયેલ સીમતળનો નકશો જોવામાં આવે તો તેમાં જુના રે.સ.નં.૧૧૨ (નવો સ.નં.૨૭૫) માંથી દાંડવી પસાર થાય છે તે જણાવેલી છે. આ સિાય આ કામે પંચ કમિશ્નરશ્રીએ પણ નિ. ૧૪/૨ થી રજુ થયેલ નકશામાં પણ દર્શાવેલ સમજુતી–૩ મુજબ જુના સ.નં.૧૧૨ માં ખુલ્લો મારગ દાંડવી આવેલ છે, તે જણાવેલ છે. આમ, જુના રે.સ.નં.૧૧૨ માં દાંડવી માર્ગ આવેલ છે તે સંબંધમાં બંને પક્ષકારોમાંથી કોઈ પણ તકરાર વાંધો નથી. પરંતુ, વાદીઓએ એવું જણાવેલ છે કે આ રસ્તો જુના સ.નં.૧૧૨ પછી પ્રતિવાદી નં.૧ ની જમીનમાં રસ્તો આવેલો હતો પરંતુ, પ્રતિવાદી નં.ર નાએ વજુભાઈએ તેમની જમીનની ઉતર શેઢા પાસેથી પસાર થતા આ દાવાવાળા રસ્તામાં ઈલેકટ્રીક વાયર મુકી વાદીઓને આ રસ્તેથી ચાલવા નહી દેવા ધમકી આપેલી અને ભુંડી ગાળો બોલેલી. આ સંબંધમાં એક ક્રિમીનલ અરજી પણ પ્રતિવાદી નં.ર વિરુધ્ધ કાલાવડ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં આપેલી અને આ અરજી પણ આ કામે નિ. ૪/૭ થી રજુ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે આ હકિકતનો ઈન્કાર કરવામાં આવેલ છે અને વાદીઓએ ખોટો વાદ–વિવાદ ઉભો કરવા માટે આ હકિકત જણાવેલ તેવું જણાવેલું છે. વાદીઓની મુખ્ય રજુઆત એવી છે કે, પ્રતિવાદીઓના ખેતરમાંથી તેમની ૫૦ વર્ષથી અધિક સમય આવ–જાવ કરવાનો રસ્તો આવેલો હતો. જેને પ્રતિવાદીઓએ દાવા કરતા અગાઉ આ તકરારી ગાડા રસ્તામાં કાયમી અટકાયત કરવાના ઈરાદાથી રસ્તામાં જે.સી.બી. ચલાવી માટીનો થર કરી અટકાયત શરું કરેલ છે અને ત્યારા બાદ આ તકરારી જગ્યા ઉપર વાવેતર કરેલ છે. પ્રતિવાદીઓએ આ હકિકતનો ઈન્કાર કરેલ છે. હવે આ તકરારના સંબંધમાં કે વાદીઓ આ તકરારી જગ્યા ઉપર કબજો ધરાવતા હતા કે કેમ તેના સંબંધમાં કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરી શકાય તેમ નથી કેમ કે આ વધું પુરાવાનો વિષય જણાય આવે છે. પરંતુ, હાલના તબકકે જે કંઈ રેકર્ડ ઉપર આવેલું છે તેની ચર્ચા કરીએ તો વાદીઓએ આ દાવાવાળા તકરારી રસ્તા ઉપરથી આવ–જાવ કરતા હતા તે સંબંધમાં આ તકરારી જમીનના નજીકના ખેડુતોના સોગંદનામા આંક–૨૧, ૨૨ અને ૨૩ થી રજુ કરેલ છે અને આ ત્રણેય નજીકના ખેડુતોએ વાદીઓના દાવાની હકિકતો મુજબ સોગંદનામું રજુ કરેલ

છે અને જણાવેલ છે કે, પ્રતિવાદીઓએ આ જુના રસ્તાની જગ્યામાં જેમાં વાદીઓના સુખાધિકાર આવેલ હતા તેમાં અટકાયત કરેલ છે. આ સોગંદનામાની સામે પ્રતિવાદીઓ તરફથી કોઈપણ સ્વતંત્ર વ્યકિતના કોઈપણ પ્રકારના કાઉન્ટર સોગંદનામા રજુ કરવામાં આવેલ નથી કે પ્રતિવાદીઓની જમીનમાં વાદીઓનો કોઈ જુનો રસ્તો આવેલો નથી કે વાદીઓ આ રસ્તેથી નહી પરંતુ, બીજા વૈકલ્પીક રસ્તેથી આવ–જાવ કરતા હતા તેવા પ્રકારનું કોઈપણ સ્વતંત્ર વ્યકિતનું સોગંદનામું કરવામાં આવેલ નથી.

વધુમાં આ કામે વાદીઓ તરફથી આંક–૬ થી કમિશ્નરશ્રીની નિમણુંક માટે અરજી કરવામાં આવેલી હતી, જે મંજુર થતા તા.૨૮/૧/૨૦ ના રોજ વાદીઓ વતી તેમના વારસો અને પ્રતિવાદીઓની હાજરીમાં નકશો પંચનામું કરવામાં આવેલ છે. આ નકશો આ કામે નિ.૧૪/૨ થી, તા.૧૦/૨/૨૦ ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. આ નકશાને વંચાણે લેવામાં આવે તો એમાં રી–સર્વે પ્રમોલગેશન મુજબ સુધારાપાત્ર રેકર્ડની માહીતી અને સ્થાનિકે પક્ષકારોના બતાવણી મુજબ તથા શંકુ માપણી સાથે બનાવેલી માપણીશીટ રજુ કરવામાં આવેલ છે. આ નકશા નિ.૧૪/૨ માં જ કમિશ્નરશ્રીએ સમજુતી પણ આપેલ છે. આ સમજુતીમાં સમજુતી નં.૩ માં આડી લાઈનથી દર્શાવીને જુના સર્વે નં.૧૧૨ ની દક્ષિણ દિશામાં ખુલ્લો દાંડવી મારગ બતાવેલો છે, જેની સરેરાશ પહોળાઈ ૩.૦ મી તથા ઉંડાઈ આશરે ૧ મી. દર્શાવેલી છે. આ સિવાય સમજુતી ૪ થી ''ડાટેડ'' નિશાનીથી પ્રતિવાદીઓની જમીન જુના સ.નં.૧૧૧ (નવા સ.નં.૨૭૮) ની ઉતર શેઢા ઉપર આ જમીનમાંથી વાદગ્રસ્ત જગ્યા જણાવેલ છે તથા આ જગ્યા ઉપર પ્રતિવાદીઓએ વાવેતર કરેલ છે તે જણાવેલું છે. આ નકશોને જોઈએ તો આ ''ડાટેડ'' નિશાની વાળી જગ્યા વાદીઓની જમીન સુધી આવેલી છે અને કોર્ટ કમિશ્નરશ્રીએ સમજુતી–૫ માં એવું જણાવેલ જણાવેલ છે કે, આ વાદવાળા મારગનું રેકર્ડ ઉપલબ્ધ નથી અને જુના સ.નં.૧૦૮ અને ૧૦૯ માં જવા આવવા માટેના અન્ય કોઈ મારગનું રેકર્ડ ઉપલબ્ધ નથી તથા જુના સ.ન.૧૦૮ અને ૧૦૯ માં જવા આવવા માટેનો અન્ય કોઈ મારગ સ્થાનિકે ધ્યાને આવેલ નથી.

આમ, આ નકશો પંચનામું વાદીઓ અને પ્રતિવાદીની તથા સ્વતંત્ર પંચો તથા ગામ સરપંચ, તલાટી કમ મંત્રી તથા રેવન્યુ તલાટીની હાજરીમાં પંચરોજકામ કરી કાર્યવાહી કરેલ છે અને તે મુજબ જે વાદગ્રસ્ત જગ્યા આવેલી છે તે સિવાય સ્થાનિકે જગ્યા બીજો કોઈ આવ-જાવનો રસ્તો જણાવેલું નથી.

વધુમાં અત્રેની કોર્ટમાં કોરોના મહામારીના આધારે લોકડાઉન રહેલ હોય અને કોર્ટ કામકાજ થતું ના હોય આ કામના વાદી મંજુલાબેન વલ્લભભાઈ રોલાએ કાલાવડના મામલતદાર કોર્ટમાં રસ્તામાં થયેલ અટકાયત દુર કરવા માટે પણ અરજી કરેલી જે આ કામે નિ.૨૮/૧ થી રજુ કરવામાં આવેલી છે અને એમની અરજીના આધારે પ્રતિવાદીઓને હાજર રાખીને તેમના નિવેદન લેવામાં આવેલા અને સ્થળ સ્થિતિ તપાસીને તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે, ''રે.સ.નં.૧૧૧ ની પુર્વ દિશાએ હૈયાત રસ્તો આવેલો છે અને જે રસ્તાને છેલ્લા છ માસથી રે.સ.નં.૧૧૧ વાળીએ બંધ કરેલ છે તથા આ જુના ગાડા હૈયાત માર્ગ સિવાય સ.નં.૧૦૮ તથા ૧૦૯ વાળીને કોઈ બીજો વૈકલ્પીક રસ્તો આવેલો નથી.'' આમ, મામલતદારશ્રીની કચેરીમાં થયેલ અરજીના આધારે બી.એમ.રેવર, જે સર્કલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે તેઓએ આ કામગીરી કરેલ હોય અને તકરારી જગ્યાએ રસ્તો આવેલો હતો તે જણાવેલ છે. જેથી પ્રતિવાદીઓની જમીનના ઉતર શેઢે વાદીઓનો આવ-જાવનો જુનો રસ્તો આવેલો હોય તે પ્રથમદ્રષ્ટિએ પ્રતિત થાય છે.

એની વિરુધ્ધમાં પ્રતિવાદીઓ તરફે આવો કોઈ રસ્તો તેમના ખેતરની જમીનમાં આવેલ નથી તે બતાવતો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ સિવાય વાદીઓ તરફે જે સ્વતંત્ર વ્યકિતઓના સોગંદનામા રજુ કરવામાં આવેલા તેની સામે કોઈ કાઉન્ટર સોગંદનામા પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદીઓએ પોતાના જવાબ આંક-૧૭ ના પેરા નં.૧૭ માં વાદીઓનો જે વૈકલ્પીક રસ્તો જણાવેલ છે તેના સંબંધમાં કોઈ પણ વ્યકિતનું કોઈપણ પ્રકારનું સોગંદનામું પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં પ્રતિવાદીઓની જમીનમાંથી વાદીઓનો કોઈ રસ્તો આવેલો હતો કે કેમ? એ વધું પુરાવાનો વિષય જણાય આવે છે. પરંતુ, હાલના રેકર્ડના આધારે વાદીઓનો જુનો રસ્તો આવેલો હતો તે હકિકત નકારી શકાય નહી અને વાદીઓ તરફે રજુ થયેલ રેકર્ડથી વિપરીત હકિકતનો કોઈ પણ પુરાવો પ્રતિવાદીઓ તરફથી રજુ કરવામાં આવેલ નથી. જેથી વાદીઓનો કેસ અંશત: પ્રથમદર્શનીય હોવાનું જણાતું હોય મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપુ છું.

૧૩. આ કામે વાદીઓની દાવા અરજીના પેરા નં.ર માં જણાવ્યા મુજબની તેમની તથા દાવા અરજીના પેરા નં.૩ માં જણાવ્યામુજબની વાદીઓ તથા પ્રતિવાદીઓની ખેતીની જમીન આવેલી છે તે સંબંધમાં કોઈ તકરાર લેવામાં આવેલ નથી અને તે સંબંધમાં દસ્તાવેજી પુરાવા પણ રજુ કરવામાં આવેલા છે. હવે વાદીઓના જણાવ્યા પ્રમાણે વાદીઓને તેમની ખેતીની જમીનમાં જવા–આવવા, ગાડા, હળ, ટ્રેકટર, ખેતીના સાધનો લાવવા–લઈ જવાનો પરંપરાગત વડીલોના સમયથી ચાલતો જુનવાણી સમયનો એકમાત્ર કાયમી ગાડા મારગ પ્રતિવાદી નં.૧ ની જમીન રે.સ.નં.૨૭૮ (જુના સ.નં.૧૧૧) ની ઉતરે આવેલ દાંડવીમાં થઈ પ્રતિવાદીની જમીનના ઉતર શેઢા પાસે આવેલ ટીંબી પાસેથી પસાર થતો વાદીઓની જમીન સુધીનો ગાડા રસ્તો, વાદીઓએ જણાવેલું છે અને વાદીઓએ આ દાવો લઈને આવેલા છે કે આ તકરારી રસ્તો જે પ્રતિવાદી નં.૧ ના ઉતર શેઢા પાસેથી આવેલો છે. પરંતુ, પ્રતિવાદીઓએ આ મારગમાં વાવેતર કરીને વાદીઓના રસ્તામાં અવરોધ કરેલ છે. વાદીઓની આ હકિકતનો પ્રતિવાદીઓએ પોતાના લેખીત જવાબમાં સ્પષ્ટ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, પ્રતિવાદીઓની જમીનમાંથી વાદીઓનો કોઈ રસ્તો આવેલ નથી. વાદીઓ પ્રતિવાદીઓની જમીનમાં ખોટો હકક ઉભો કરી લેવા માંગતા હોય જેથી ખોટી વિગત જણાવીને દાવા અરજી કરેલ છે. હવે વાદીઓ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને કોર્ટ કમિશ્નરશ્રી તરફે કરવામાં આવેલ નકશો, પંચનામું જોવામાં આવે તો તેમાં જણાવેલ સમજુતિ મુજબ તકરારી જગ્યા ઉપર વાવેતર કરેલ હોવાનું જણાય આવે છે અને આ જગ્યા સિવાય વાદીઓ પાસે આવ–જાવ કરવા માટે બીજો કોઈ રસ્તો નથી. હવે જયારે વાદીઓએ પ્રતિવાદીઓની જમીનમાંથી સુખાધિકારના આધારે રસ્તાના હકક જણાવતા હોય અને પ્રતિવાદીઓ તે હકિકતનો ઈન્કાર કરતા હોય

તો આવી સ્થિતિમાં વાદીઓને પ્રતિવાદીઓની જીમનમાંથી જ સુખાધિકાર આવેલો છે કે કેમ ? એ વધું પુરાવાનો વિષય બની રહે છે અને જયાં સુધી વાદીઓ વધું પુરાવાથી સાબીત ના કરે ત્યાં સુધી તેમનો કોઈ સુખાધિકાર છે કે કેમ? તે હાલના તબકકે સાબીત થાય નહી. પરંતુ, જો વાદીઓની દાવા અરજી પ્રમાણે અને કોર્ટ કમિશ્નરના રીપોર્ટ પ્રમાણે હાલમાં વાદીઓ પાસે આવ–જાવ કરવા માટે બીજો કોઈ રસ્તો ના હોય અને વાદીઓ પાસે એકમાત્ર એજ જુનો રસ્તો હોય તો વાદીઓને અગવડ પડે તેમ જણાય છે. પરંતુ, જો વાદીઓએ દાવાના અંતે પ્રતિવાદીઓની જમીનમાં તેઓએએ સુખાધિકાર ધરાવે છે તે સાબીત કરવામાં નિષ્ફળ નિવડે અને તકરારી રસ્તા કરતા બીજો રસ્તો ધરાવતા હોય અને પ્રતિવાદીઓની જમીનમાં ખોટો હકક ઉભો કરવા માંગતા હોય તો આવી સ્થિતિમાં પ્રતિવાદીઓને અગવડ પડે અને તેમને જયાં સુધી દાવો ચાલતો હોય ત્યાં સુધી પોતાના હકક અધિકારની જમીનના ઉપયોગ–ઉપભોગથી વંચિત રહેવું પડે. આવી સ્થિતિમાં બંને પક્ષકારોના હીત અને હકક જળવાય રહે તે સંબંધમાં નામદાર સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદા Maria Margadia Sequearia V/s. Erasmo Jack De Sequeria (D), Civil Appeal no. 2968/2012 Judgement Date on 21 March 2012 નાં પેરા નં.૯૦ માં ''વચગાળાનો નફો (Mesne Profits) માં જણાવેલું છે. જેથી Honest litigants suffer ના થાયે અને dishonest litigants કોઈ Undue benefit ના લે તે સંબંધમાં ચુકાદો આપવામાં આવેલ છે. હાલના કેસમાં પણ જો હાલના તબકકામાં વાદીઓના પક્ષમાં દાવાના આખરી નિકાલ થતા સુધીનો હંગામી મનાઈ હુકમ આપવામાં આવે અને દાવાના અંતમાં જો વાદીઓ પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જાય તો પ્રતિવાદીઓને આટલા સમય સુધી પોતાની જમીનના ઉપયોગ–ઉપભોગથી વંચિત રહેવું પડે તેમ જણાય છે. જેથી બંને પક્ષોના હીતોની સુરક્ષા માટે જો દાવાના અંતે વાદીઓ પોતાનો દાવો સાબીત કરવામાં નિષ્ફળ નિવડે તેવી સ્થિતિમાં પ્રતિવાદીઓને તેમની જમીનના ઉપયોગ–ઉપભોગનો લાભ જો વાદીઓ લેશે તેને બદલ વચગાળાનો નફો વાદીઓ તરફથી દાવાના અંતે અપાવવામાં આવે તો સુવિધાનું સંતુલન બંને પક્ષકારોને જળવાય રહેશે તે જોતા સગવડની સમતુલાનું ધોરણ વાદીઓની તરફેણમાં અંશત: માની મુદ્દા નં.૨ નો જવાબ અંશત: હકારમાં આપુ છું.

૧૪. ઉપરોત બંને મુદ્દાઓની સદરહું ચર્ચા મુજબ જો વાદીઓ પાસે તેમની જમીનમાં આવ–જાવ કરવા માટે એકમાત્ર તકરારી રસ્તો હોય અને પ્રતિવાદીઓની જમીનમાંથી વાદીઓને જુનો સુખાધિકાર આવેલો હોય અને આ સુખાધિકારમાં જો અવરોધ ઉત્પન કરતા હોય તો વાદીઓને અન્ય લીટીગેશનમાં પણ ઉતરવું પડે અને વાદીઓના હકકને નાણાંથી બદલો ન મળે તેવું મહત્વનું નુકશાન થાય તેમ જણાય છે. તે જોતા મુદ્દા નં.૩ નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે આખરી હુકમના સ્વરુપે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

૧. વાદીઓની સદરહું આંક–૫ ની અરજી આજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીઓને એવો હંગામી મનાઈ હુકમ કરવામાં આવે છે કે, તેઓએ કાલાવડ તાલુકાના ડુંગરાણી દેવળીયાની સીમમાં ડુંગરાણી દેવળીયાથી ખડ ખંભાળીયા જતા સીમ રસ્તેથી પશ્ચિમે આવેલ પ્રતિવાદી નં.૧ ના ખાતાની ખેતીની જમીન રે.સ.નં.૨૭૮ (જુના રે.સ.નં.૧૧૧) ની ઉત્તરે દાંડવીમાં થઈ ઉતર શેઢા પાસે આવેલ ટીંબી પાસેથી પસાર થતા આ દાવાવાળી રસ્તેથી વાદી નં.૧ ને તેમની રે.સ.નં.૨૮૧ (જુના રે.સ.નં.૧૦૯/પૈકી ૧) વાદી નં.૨ ને તેમની રે.સ.નં.૨૮૦ (જુના રે.સ.નં.૧૦૯/પૈકી ૨), વાદી નં.૩ ને તેમની પારીવારીક સંયુકત ખાતની રે.સ.નં.૨૮૨ (જુના રે.સ.નં.૧૦૮) ની ખેતીની જમીનોમાં જવા–આવવા, ગાડા, હળ, શાતિ, ટ્રેકટર, ખેતીના સાધનો લાવવા–લઈ જવતા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના થકી કે વતી કોઈપણ વ્યકિત કે આસામીઓ કોઈપણ રીતે અડચણ, અટકાયત કરે નહી કે વાદીઓને આ રસ્તાનો ઉપયોગ, ઉપભોગ, ભોગવટો કરવામાં કોઈપણ રીતે અવરોધ કરે નહી કે કરાવે નહી.

વધુમાં જો દાવાના અંતે વાદીઓએ પોતાનો તેઓએ પોતનો દાવો સાબીત કરવામાં નિષ્ફળ નિવડે અને તકરારી જગ્યા ઉપર પોતાનો જુનો સુખાધિકાર સાબીત

કરવામાં નિષ્ફળ જાય તો આ તકરારી જમીનના ઉપયોગ ઉપભોગનો વચગાળાનો નફો (Mesne Profits) વાદીઓએ પ્રતિવાદીઓને ચુકવશે.

૩. આ અરજીનો ખર્ચ દાવાના આખરી હુકમને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ:૨૯ મી, માહે:ઓકટોબર, સને:૨૦૨૦ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

કાલાવડ,
તા.૨૯/૧૦/૨૦૨૦.

*(સુનિલકુમાર શર્મા)*
પ્રિન્સીપાલ સીવીલ જજ,
કાલાવડ.
***JUDGE CODE: GJ 01349***